# હિંમતનગર પાલિકા પ્રમુખની વરણીમાં હોબાળો

હિંમતનગર, તા. ૧૨

હિંમતનગર નગરપાલિકાના પ્રમુખ તેમજ ઉપપ્રમુખની આજે વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખની સીટ મહિલા અનામત હોવાથી બે મહિલાઓએ પ્રમુખ પદે દાવેદારી નોંધાવી હતી. જેમાં આજે યોજાયેલી સામાન્ય સભામાં ભાજપના પ્રમુખ તરીકે નીલાબેન પટેલની તેમજ ઉપપ્રમુખ તરીકે અનિરૂદ્ધભાઈ સોરકઠીયાની વરણી કરવામાં આવી હતી. તો બીજી તરફ પાલિકામાં છેલ્લી ત્રણ ટર્મથી ચૂંટાતા કલ્પનાબેન પટેલ પણ દાવેદાર હતા. પરંતુ તેમને પ્રમુખ પદ ન મળ્યું એટલે તેઓએ પાર્ટી સામે વિરોધ કરી સભ્ય પદેથી રાજીનામુ આપતા ભાજપમાં ખળભળાટ મચી ગયો હતો.

હિંમતનગર નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી માટે આજે સામાન્ય સભા બોલાવવામાં આવી હતી. સભામાં પ્રમુખની સીટ મહિલા અનામત હોવાથી ભાજપના નીલાબેન પટેલ અને કલ્પનાબેન પટેલ એમ બે મહિલાઓએ પ્રમુખ પદે દાવેદારી નોંધાવી હતી. પરંતુ પાર્ટીના મેન્ડેટ મુજબ પ્રમુખ તરીક નીલાબેન પટેલની વરણી કરી હતી તેમજ ઉપપ્રમુખ પદે અનિરૂદ્ધભાઈ સોરઠીયાની વરણી કરવામાં આવી હતી.

તો બીજી તરફ છેલ્લા ત્રણ ટર્મથી ચૂંટાયા કલ્પનાબેન પટેલ પણ પ્રમુખ પદના દાવેદાર હતા પરંતુ છેલ્લી ઘડીએ જ પ્રમુખનો તાજ ભાજપના સીનીયર મહિલા અગ્રણી અને સંગઠનમાં જેમનું ખૂબ મહત્વનું યોગદાન હતું તેવા નીલાબેન પટેલના સીરે જતાં જ કલ્પનાબેને સભામાં હંગામો કર્યો હતો અને શહેર ભાજપના સંગઠનના પદાધિકારીઓ જોડે ઉગ્ર બોલાચાલી પણ કરી હતી. સામસામે બોલાચાલી થતાં મામલો ગરમાયો હતો અને કલ્પનાબેને સભ્ય પદેથી રાજીનામું આપ્યું હતું.

**પાલિકાના પ્રમુખપદે નીલાબેન પટેલની વરણી કરાઈ : પ્રમુખ પદથી વંચિત રહેનાર અન્ય મહિલા દાવેદારે રાજીનામુ આપ્યું**



## ખેડબ્રહ્મા તાલુકા પંચાયતનાપ્રમુખ ઉપપ્રમુખની ૨૨ ડીસેમ્બરે ચૂંટણી

ખેડબ્રહ્મા તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી માટે ૨૨ ડિસેમ્બરે તાલુકા પંચાયતના સભાખંડમાં ચૂંટાયેલા સભ્યોની સભા મળશે. તાલુકા પંચાયતમાં ૨૦ બેઠકો પૈકી ૧૩ બેઠકો ઉપર કોંગ્રેસના ઉમેદવારો વિજયી થયા છે. તાલુકા પંચાયતમાં પ્રમુખપદ અનુસૂચિત આદિજાતિ સ્ત્રી માટે અનામત છે. જેથી ખેડબ્રહ્મા તાલુક્માં સ્ત્રી ઉમેદવારમાં સૌથી વધુ મત ૧૦૪૫ની સરસાઈથી જીતેલા નવા મોટાના ઉમેદવાર કુંવરબેન જવાહરલાલ ગમાર પ્રમુખપદ માટે પ્રબળ દાવેદાર મનાય છે. ઉપપ્રમુખ પદ માટે બે પટેલ ઉમેદવારોના નામ ચર્ચામાં છે. જેમાં ઉચીધનાલ બેઠક ઉપરથી વિજેતા પટેલ કનુભાઈ ડાહ્યાભાઈ તથા લક્ષ્મીપુરા બેઠક ઉપરથી વિજેતા પટેલ રોહિતભાઈ કોદરભાઈ દાવેદાર છે. જ્યારે કારોબારીના ચેરમેન તરીક વાલરણ બેઠક ઉપરથી વિજયી થયેલા ભંમરસિંહ જવાનસિંહ ચંદાવતનું નામ નક્કી હોવાનું શહેરમાં ચર્ચાઈ રહ્યું છે.

## હિંમતનગરની કલરવ સોસાયટીમાંથી બાઈક ચોરાયું

હિંમતનગરના સહકારી જીન રોડ વિસ્તારમાં આવેલ કલરવ સોસાયટીમાં રહેતા નિલેષભાઈ હીરાલાલ સુથારના બાઈક નં. જીજે.૯.એસી. ૬૨૯૬ની ગુરૂવારે અજાણ્યા શખ્સો ચોરી કરીને લઈ ગયા હતા. જેની તપાસ કરતા ચોરાયેલા બાઈકનો કોઈ પત્તો મળ્યો ન હતો.



## પાટણ નગરપાલિકા કોંગ્રેસના ફાળે પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી કરાઈ

પાટણ, તા.૧૨

પાટણ જિલ્લા પંચાયત અને નગરપાલિકામાં કોંગ્રેસને પૂર્ણ બહુમતી મળતા ભાજપના સુપડા સાફ થઈ જવા પામ્યા છે ત્યારે પાટણ નગરપાલિકાના કોંગ્રેસના નવા પ્રમુખ તરીકે જાગૃતિબેન પટેલ તથા ઉપપ્રમુખ તરીકે દિનેશભાઈ પટણી ચૂંટાઈ આવતા ઢોલ નગારા સાથે અબીલ ગુલાલની છોળો વચ્ચે જુલુસ કાઢવામાં આવ્યું હતું. કોંગ્રેસના કાર્યકરો ગેલમાં આવીને ફટાકડા ફોડી ફૂલહાર પહેરાવી પ્રમુખ અને ઉપપ્રમુખને મોં મીઠું કરાવ્યું હતું. અને ભાજપના કાર્યકરોમાં સોંપો પડી જવા પામ્યો હતો.

# ઊંઝા નગરપાલિકા પ્રમુખપદે મીનાબેન પટેલ

ઊંઝા, તા. ૧૨

તાજેતરમાં ઊંઝા નગરપાલિકાની યોજાયેલ સામાન્ય ચૂંટણી બાદ આજે સવારે પાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે પ્રાંત અધિકારી મોદીની હાજરીમાં પાલિકાના ચૂંટાયેલા સદસ્યોની એક બેઠક પાલિકાના સભાગૃહમાં મળી હતી.

પાલિકાના હોદ્દેદારો માટેની ચૂંટણીમાં પ્રમુખ પદ સામાન્ય મહિલા ઉમેદવાર માટેનું હોઈ વોર્ડ નં. ૯માંથી સામાન્ય સ્ત્રી બેઠક પરથી અપક્ષ તરીકે ચૂંટાયેલ મીનાબેન જીતેન્દ્રકુમાર પટેલ (મિલન) અને વોર્ડ નં. ૭માંથી ચૂંટાયેલ અપક્ષ ઉમેદવાર કૈલાશબેન અશોકભાઈ પટેલ ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું. જેમાં પાલિકાના ચૂંટાયેલા ૩૫ અપક્ષો અને એક કોંગ્રેસના કુલ ૩૬ સદસ્યોની હાજરીમાં ચૂંટણી યોજાતા મીનાબેન જે. પટેલને સૌથી વધુ ૨૪ મતો મળતા તેઓ પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. જ્યારે કથિત ભાજપ સમર્થિત હરીફ ઉમેદવાર કૈલાશબેન એ. પટેલને ૧૨ મત મળતાં તેઓ હારી ગયા હતા.

ઉપપ્રમુખની ચૂંટણીમાં વોર્ડ નં. ૧ માંથી ચૂંટાયેલા રાકેશકુમાર જયંતિભાઈ પટેલને ૨૪ મત મળતા તેઓ ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા હતા. જ્યારે હરીફ ગીરીશભાઈ મફતલાલ પરમાર વોર્ડ નં. ૮ અને ૧૨ મત મળતાં આ ચૂંટણીમાં તેમનો પરાજય થયો હતો. પાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણીમાં વિજયી ઉમેદવારોને ૨૪ મતો મળ્યા હતા. તે પૈકી એક કોંગ્રેસના સદસ્યે પણ સમર્થન આપ્યું હતું. સ્થાનિક આંટા કડવા પાટીદાર સમાજના ૧૮

● અનુસંધાન પાના - ૭ પર



## આજે હિંમતનગરમાં સર્વધર્મ સર્વ જ્ઞાતિ સમુહ લગ્નોત્સવ

લાયન્સ ક્લબ ઓફ હિંમતનગર ડીવાઈન દ્વારા રવિવારે વિદ્યાનગરી કેમ્પસમાં આઠમો સર્વધર્મ સર્વજ્ઞાતિ સમુહ લગ્નોત્સવ યોજાશે. આ સમુહ લગ્નોત્સવમાં વિવિધ જ્ઞાતિના ૧૬ યુગલો પ્રભુતામાં પગલા પાળશે. આ પ્રસંગે પૂર્વ ગૃહ રાજ્યમંત્રી પ્રફુલ પટેલ, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, સી.કે. પટેલ સહિત અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહેશે એમ પ્રમુખ બ્રિજેશ પટેલ અને અર્ચનાબેન પટેલ એક યાદીમાં જણાવ્યું હતું.

## રસુલપુર પાસે અજાણ્યા વાહને ટક્કર મારતા આધેડનું મોત

પ્રાંતિજ તાલુકાના રસુલપુર પાસેથી હાઈવે પરથી શનિવારે વહેલી સવારે એક અજાણ્યા આધેડ રોડ ક્રોસ કરી રહ્યા હતા ત્યારે એક અજાણ્યા વાહને તેમને ટક્કર મારતા ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું. પ્રવિણસિંહ જુલુસિંહ પરમારે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

## ચિતરીયામાં ટ્રેક્ટરે ટક્કર મારતા એકનું મોત

વિજયનગર તાલુકાના ચિતરીયા ગામે શુક્રવારે વિજયકુમાર મેઘાજી નિનામાએ ટ્રેક્ટરને ગફલત ભરી રીતે હંકારી અહીંથી પસાર થતાં કનુભાઈ દલજીભાઈ ઘોઘરાએને ટક્કર મારતા તેમને ગંભીર ઈજા થઈ હતી. જેથી તેમનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. ત્યારબાદ ટ્રેક્ટરના ચાલક વિજયકુમાર નિનામા ભાગી ગયા હતા.



## મોડાસામાં IJSEF દ્વારા યાદે ઈમામ હસન

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ઈમામ જાફર સાદિક એજ્યુકેશનલ ફાઉન્ડેશન દ્વારા મુસ્લિમ ચાંદ, ૨૮ સફરના રોજ પયગંબર સાહેબના મોટા દોહિત્ર એવા સૈય્યદના ઈમામહસન (અલયહિસ્સલામ)ની શહાદત યાદ મનાવવામાં આવી. આ નિમિત્તે ઈમામજાફર સાદીક એજ્યુકેશનલ ફાઉન્ડેશન દ્વારા ઉર્દૂ કુમાર શાળા નં. ૫, ૬ અને ૭, એફ.યુ.મલેક પ્રાથમિક શાળા તથા ઈન્દીરાનગર પ્રાથમિક શાળાના લગભગ ૫૦ જેટલા જરૂરીયાતમંદ બાળકોને ગરમ-કપડા(સ્વેટર)નું મફત વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં IJSEF ફાઉન્ડર અને પ્રેસિડેન્ટ ડૉ. શહેઝાદ વાય. કાઝી દ્વારા પ્રાસંગિક પ્રવચન આપવામાં આવ્યું. આ ઉપરાંત આ સમારંભમાં અધ્યક્ષ સ્થાને સર્વોદય બેંકના ચેરમેન જનાબ હાજી ઈકબાલહુસેન ઈપ્રોલીયા, હાજી ગુલામરસુલ શેખ તથા સામાજિક કાર્યકર્તા હુસેનભાઈ ખાલક, હાજી જૈનુદ્દીનકાઝી, ઈકબાલ ચીસ્તી, બાબુભાઈ મલેક, અલ્તાફહુસેન કાજી, મકબુલ પટેલ તેમજ એફ.યુ. મલેક પ્રાથમિક શાળાના પ્રમુખ મો. હનીફ બેલીમ, સેક્રેટરી મો. યાસીન કાજી ઉપસ્થિત રહ્યા હતા. આ પોગ્રામમાં ઉર્દુ કમાર નં. ૫, ૬ અને ૭ તથા એફ.યુ. મલેક પ્રાથમિક શાળાના આચાર્ય તથા શિક્ષકોનો સહકાર અમૂલ્ય રહ્યો હતો.

## પોશીનામાં પોલીસને પડકારતી ચોર ટોળકીનો આતંક

સાબરકાંઠા જિલ્લાના પોશીનામાં છેલ્લા એક માસથી તસ્કર ટોળકી પોલીસને પડકારતી હોય તેમ અવારનવાર ચોરી કરીને પોલીસતંત્રની આંખોમાં ધૂળ નાખી રહી છે. તેમ છતાં પોલીસ આ ટોળકીને પકડી શકી નથી. દરમિયાન શુક્રવારે રાત્રે અજાણ્યા શખ્સો રૂ. ૧૫ હજારની સોલાર પેનલ ચોરી ગયા હતા. અન્ય એક દુકાનમાં ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. પોશીનામાં છેલ્લા એક માસથી તસ્કરો ચોરીઓ કરીને પ્રજા તથા પોલીસની ઉંઘ હરામ કરી રહ્યા છે. પોશીના પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ બાદ પણ પોલીસ તેનું પગેરૂ મેળવી શકી નથી. દરમિયાન શુક્રવારે રાત્રે અજાણ્યા તસ્કરો સરદાર ચોક વિસ્તારમાં આવેલ સોલાર સ્ટ્રીટલાઈટની પેનલ તથા બેટરી મળી અંદાજે રૂ. ૧૫ હજારની મત્તા ચોરી કરી લઈ ગયા હતા. તેમજ મેમણ બહેબુભાઈ ઐયુબભાઈની દુકાનનું શટર તોડવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ દુકાન માલિક જાગી જતા અજાણ્યા તસ્કરો ભાગી ગયા હતા. ગ્રામજનોની માંગણી છે કે પોલીસતંત્ર દ્વારા રાત્રી પેટ્રોલીંગ સઘન બનાવવું જોઈએ.

# બનાસડેરીમાં ડીસા મત વિભાગમાં માવજીભાઈ દેસાઈનો વિજય નિશ્ચિત

પાલનપુર, તા. ૧૨

બનાસડેરીના સંચાલક મંડળની પ્રતિષ્ઠાભરી ચૂંટણીમાં સૌથી મોટા મત વિભાગ ડીસાની બેઠક પર આપણ પેનલમાંથી ચૂંટણીમાં ઝંપલાવનાર ડીસા એ.પી.એમ.સી.ના ચેરમેન માવજીભાઈ દેસાઈનો વિજય નિશ્ચિત મનાઈ રહ્યો છે. મતદારોમાં માવજીભાઈની છાપ કુશળ વહીવટકર્તા તેમજ દાનવીર તરીકેની હોઈ તેમને ઠેર ઠેર આવકાર મળી રહ્યો છે.

બનાસડેરીની ચૂંટણીમાં ડીસા મત વિભાગ ૧૭૨ મતદારો ધરાવતો સૌથી મોટો વિભાગ છે. ત્યારે બનાસડેરીની ચૂંટણીમાં ડીસા બેઠક ઉપરથી કોણ વિજેતા બનશે તેના પર સૌની નજર મંડાયેલી છે. ડીસા બેઠક ઉપરથી ડીસા માર્કેટયાર્ડના ચેરમેન અને યુવા સહકારી અગ્રણી માવજીભાઈ મગનભાઈ દેસાઈ (બાઈવાડા)એ આપણી પેનલમાંથી ચૂંટણી લડી રહ્યા છે. માવજીભાઈ દેસાઈ છેલ્લી ત્રણ ટર્મ (૧૫ વર્ષ)થી ડીસા એ.પી.એમ.સી.ના ડીરેક્ટર અને અઢી વર્ષથી ડીસા એ.પી.એમ.સી.ના ચેરમેન તરીકે સેવા આપી રહ્યા છે.

માવજીભાઈ દેસાઈએ ડીસા એ.પી.એમ.સી.ના ચેરમેન બન્યા બાદ માર્કેટયાર્ડના વહીવટમાં અનેક સુધારા કરી ખેડૂતો, વેપારીઓ, તોલાટ-હમાલોના હિત સુચારૂ કાર્ય કરી તમામને લાભ આપવા સાથે માર્કેટયાર્ડની આવકમાં અનેક ઘણો વધારો કરી કુનેહ પૂર્વકના શાસનકર્તાની છાપ ઉભી કરી છે. ચેરમેન માવજીભાઈ દેસાઈએ માત્ર ખેડૂતો, વેપારીઓ, તોલાટ-હમાલ તેમજ કર્મચારીઓ જ નહી પરંતુ સમગ્ર ડીસા શહેર અને તાલુકાની જનતા માટે પણ અનેકવિધ કાર્યો કરી સામાજીક દાયિત્વ પણ નિભાવવાનું કામ કર્યું છે. આ ઉપરાંત તેમણે સમગ્ર તાલુકાના પ્રજાજનોને અકસ્માત વિમા સુરક્ષા કવચ પુરૂ પાડવા ઉપરાંત રાહત દરે દવાખાનુ, રાહતદરે દવા મળી રહે તે માટે કિસાન મેડીકલ સ્ટોર, વિદ્યાર્થીઓ માટે રાહત દરે નોટબુક, શહેરીજનો તેમજ ખેડૂતો માટે સીટી બસ સેવા, ખેડૂતો માટે કિસાન એગ્રી બિઝનેસ સેન્ટર સહિતના કાર્યો કરવામાં આવ્યા છે જે માર્કેટયાર્ડ સાથે સંકળાયેલા લોકો સિવાય પણ તમામનું હિત જાળવી રહ્યા છે.

ત્યારે હવે, માવજીભાઈ દેસાઈએ બનાસ ડેરીમાં માત્રને માત્ર કાર્યદક્ષ વહીવટ થાય અને ભ્રષ્ટાચાર મુક્ત શાસન આવે તે માટે રાજ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીના હાથ મજબૂત કરવા ડીસા બેઠક પરથી ડેરીનું ચૂંટણીમાં ઝંપલાવ્યું છે. જેથી ડીસા વિભાગના મતદારો પણ તેમની ઉમેદવારીથી આનંદીત થઈ એક તરફી સમર્થન કરી રહ્યા છે. જેથી બનાસડેરીની ચૂંટણીમાં ડીસા બેઠક પરથી માવજીભાઈ દેસાઈનો વિજય નિશ્ચિત બન્યો છે.

**કુશળ વહીવટકર્તા તરીકે ડીસા માર્કેટયાર્ડમાં કરેલા કામોની કદર કરતા મતદારો**



## ખેડબ્રહ્મામાં માર્ગ અકસ્માતમાં એકનું મોત

હિંમતનગર, તા. ૧૨

ખેડબ્રહ્મા સ્ટેટ હાઈવે પર સાંઈનાથ હોટલ નજીક ગુરૂવારે રાત્રે અકસ્માતના બનાવમાં એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું. આ અંગે ખેડબ્રહ્મા પોલીસના જણાવ્યા અનુસાર ગુરૂવારે રાત્રે સાંઈનાથ હોટલ નજીક બોલરો જીપ નં. જી.જે.૦૯.બીસી.૫૮૦૩ના ચાલકે જીપ પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી સામેથી આવતી બાઈક નંબર જી.જે.૦૯.એસ.૯૬૪૭ને ટક્કર મારતા બાઈક પર બેઠેલા રમેશભાઈ ગુજરાભાઈ બુબડીયા (ઉં.વ.૪૫, રહે. ચિત્રોડા)ને ગંભીર ઈજા થતા તેમને સારવાર માટે ખેડબ્રહ્માની સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ અંગે મૃતકના ભાઈ સવજીભાઈ ગુજરાભાઈ બુબડીયાએ અજાણ્યા જીપ ચાલક વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વિસ્તારના રહીશ ભાવેશકુમાર પંચાલ, પ્રકાશકુમાર નાયી, મયંકભાઈ ભાવસાર, ઈમરાનભાઈ મેમણ વિગેરેએ પાલિકા તંત્ર સમક્ષ કરેલી લેખિત રજુઆતમાં અંબર સિનેમા રોડનું લેવલ નીચું કરવાની માંગણી કરી છે. અગાઉ વિસ્તારના રહીશોએ વોર્ડ નં. ૪ના પાલિકા સદસ્યો સમક્ષ પણ રજુઆતો કરી હતી. પરંતુ તેમાં નક્કર પરિણામ મળ્યુ ન હતું. જેથી વિસ્તારના રહીશોમાં ભારોભાર અસંતોષ સાથે જનાક્રોશ વિસ્તારના રહીશોમાં ભારોભાર અસંતોષ સાથે જનાક્રોશ જોવા મળી રહ્યો છે. પાલિકાની નવી બોડી વિસ્તારની ગંભીર સમસ્યા પ્રત્યે દુર્લક્ષ દાખવે તેમ રહીશો ઈચ્છી રહ્યા છે.

## ખેડ ગામે ડુંગરી અને ઘઉંનુ વાવેતર કરેલ ખેતર ખેડી નાખતા ચાર વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૧૨

હિંમતનગર તાલુકાના ખેડ ગામે રહેતા ભગવાનદાસ દેવજીભાઈ પ્રજાપતિના ખેતરમાં ગુરૂવારે ગામના જ બાબુજી ભિખાજી પુજારા, બાબુજીની પત્ની, રંગાજી બાબુજી પુજારા અને તેમના પત્નીએ ભેગા મળી પોતાના નંબર વગરના ટ્રેક્ટરની મદદથી ડુંગરીનું વાવેતર કરેલ ખેતરમાં જઈ ખેડી નાખ્યું હતું. તેમજ બાબુજી તથા તેમની પત્નીએ ધારીયા સાથે આવી જયેશભાઈ વાઘજીભાઈ પટેલ, સુરેશભાઈ અમીચંદભાઈ પટેલના ખેતરમાં પણ વાવેતર કરેલ ઘઉંને ખેડી નાખી નુકશાન પહોંચાડ્યું હતું. જેથી ભગવાનદાસ પ્રજાપતિએ ચારેય જણા વિરૂદ્ધ શુક્રવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.




ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને મોડાસા કેળવણી મંડળ સંચાલિત શ્રી સી.જી. બુટાલા સર્વોદય હાઈસ્કૂલના સંયુક્ત ઉપક્રમે સુવર્ણજયંતી વર્ષના ઉપલક્ષે તા. ૧૧-૧૨-૧૫ના રોજ સર્વોદય હાઈસ્કૂલના પટાંગણ ભવ્ય નારીકથાનું આયોજન થયું. જેમાં શ્રી નરેશ વેદ (પૂર્વ કુલપતી ગુજરાતી યુન્વર્સિટી) કસ્તુરબાના જીવનની સંઘર્ષમય ગાથાનો ચીતાર આપ્યો. શ્રોતાઓની આંખો ભીની થાઈ તેવું કરૂણસભર વાતાવરણ જોવા મળ્યું. કસ્તૂરબાના જીવનના ઘણા બધાં અજાણ્યા પ્રસંગોની સુંદર રજુઆત થઈ. બીજી બેઠકમાં પદ્મશ્રી, પ્રવીણ દરજી સાહેબે કૃષ્ણપ્રેમી રાધાના સંદર્ભે રાધા અને કૃષ્ણના સંબંધોના ગીરીશિખરની વાત કરી હતી. આ સમગ્ર કાર્યક્રમના આયોજનમાં મોડાસા કેળવણી મંડળના પ્રમુખ શ્રી બીપીનભાઈ શાહ અને શ્રી સી.જી. બુટાલા સર્વોદય હાઈસ્કૂલના પ્રિન્સિપાલ શ્રી ડૉ. આર.સી. મહેતાએ ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યરક્રમનું સંચાલન પ્રો. એન. જી. શાહે કર્યું હતું.

## હિંમતનગરમાંથી એક જ રાતમાં ત્રણ વાહનો ચોરાયા

હિંમતનગર, તા. ૧૨

હિંમતનગરના મોતીપુરા, મહેતાપુરા અને સબજેલ નજીકથી શુક્રવારે રાત્રે અજાણ્યા શખ્સો ત્રણ વાહનોની ચોરી કરીને ભાગી ગયા હતા. જે અંગેની ફરિયાદ સ્થાનિક પોલીસસ્ટેશનમાં નોંધાવાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે મોતીપુરા વિસ્તારમાં આવેલ તુલસી કોમ્પલેક્ષની પાછળ પાર્ક કરેલ બાઈક નંબર જી.જી.૯.આર.૯૨૭૦ની અજાણ્યા શખ્સો ચોરી કીરને ભાગી ગયા હતા. જેથી રાકેશભાઈ કાન્તીભાઈ પટેલે એ. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. તેજ પ્રમાણે મહેતાપુરા વિસ્તારમાંથી મહિપાલસિંહ વખતસિંહ ચૌહાણનું બાઈક નંબર જી.જે.૯.સીબી. ૮૦૯૦ની શુક્રવારે ચોરી થતા તેમણે બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. ઉપરાંત હિંમતનગરના સબ જેલ નજીક આવેલ નાની વહોરવાડમાં રહેતા સીરાજ અહેમદ બસીરાહેમદ સાબુગરના પીકઅપ ડાલા નંબર જે.જે.૧૭.એક્ષ. ૮૫૦૨ની અજાણ્યા શખ્સો ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગે તેમણે બી-ડીવીઝન પોલીસસ્ટેશનમાં વાહન ચોરાયાની ફરિયાદ નોંધાવી હતી.